# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# સદગુરૂ ન મળવાના (અસદ્ગુરૂ મળવાના) મુખ્ય કારણો

## જૈનો જાગો

રમેશચંદ્ર વૈજાણી

લેખાંક : ૧૭

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

*** સત્સંગ ***

**ક્ષમા વગરનો જૈન ધર્મ નકામો**
**વૈરાગ્ય વગરનો ત્યાગ નકામો**
**સમજણ વગરના શાસ્ત્રો નકામા**
**ભાવ વગરની ભક્તિ નકામી**
**લક્ષ વગરનું ધ્યાન નકામું**
**શ્રધ્ધા વગરની ક્રિયા નકામી**
**આત્મા વગરનો દેહ નકામો**
**સંસ્કાર વગરનું શ્રેષ્ઠ કુળ નકામું**
**મોક્ષની સમજણ વગરનો ધર્મ નકામો**
**શુધ્ધતા વગરનું સમકિત નકામું**
**નમ્રતા વગરનું જ્ઞાન નકામું**
**કરૂણા વગરની દ્રષ્ટિ નકામી**
**વિનય વગરની વાણી નકામી**
**વિવેક વગરની સમજણ નકામી**
**ભાન વગરનો યોગ નકામો**
**સમપર્ણ વગરનું શિષ્યત્વ નકામું**
**જ્ઞાન વગરનું ગુરૂત્વ નકામું**
**આનંદ વગરનું જીવન નકામું**

આપણે આગળના લેખાંકોમાં છત્રીસ ગુણોયુક્ત આચાર્ય ભગવંત (સદ્ગુરુ, સંત)ના ગુણોનું, લક્ષણોનું અને કેવી રીતે બાળજીવોને મોક્ષમાર્ગમાં લાવે છે; લાવ્યા પછી ચલાવે છે અને કેવી રીતે સમકિતની પ્રાપ્તિ કરાવે છે અને ઘણા જીવોની આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત કરે (દુ:ખો દૂર કરે) અને બાળજીવોના જીવનમાં પરમાત્માનું સ્થાપન કરાવે છે તેની વિચારણા કરી.

હવે બાળજીવોને અનંત ભવ ભ્રમણમાં આવા સદ્ગુરુનો યોગ શા માટે નથી થતો અને થયો હોય તો ઓળખી શકતા કેમ નથી અને ઓળખાણ પણ પડી હોય તો તેને શા માટે આરાધી શકતા નથી તેની વિચારણા કરીએ.

જીવને અનંત ભવ ભ્રમણથી પોતાના કુળપરંપરાએ મળેલા ઈષ્ટદેવની ભક્તિ કરવાની ટેવ પડી છે અને ટેવ પડવાનું કારણ સાંસારીક સુખો મેળવવાની વૃતિ, મળ્યા હોય તો ટકાવી રાખવાની વૃતિ અને ટક્યા હોય તો આવતા ભવે મળે તેવી વૃતિએ પરમાત્માની ભક્તિ કરવાની ટેવ પડેલી છે. અને એ ટેવને કારણે (એવા લક્ષને કારણે) જીવની પૂણ્ય પ્રકૃતિ બળવાન બને છે. અને એવી પૂણ્ય પ્રકૃતિ બળવાન થવાને કારણે જીવને સત્યની ઝુરણાનો અભાવ થાય છે. જીવ જ્યારે પૂણ્ય બાંધતો હોય છે ત્યારે બીજા કશાનો વિચાર કરતો નથી. (જીવ એમ સમજે છે કે બીજું કંઈ વિચારવાનું નથી, પૂણ્ય તો બંધાય છે; પાપ તો નથી ને.) આવી રીતે કરેલા વ્રત, તપ, જપ, ક્રિયા અને ચારીત્ર પૂણ્યના ઉપાર્જન અર્થે કરે છે. અને બળવાન પૂણ્ય બાંધે છે. જીવ ભયે પ્રેરાઈને ધર્મ કરે છે. (અહિંસક સ્વભાવ બનાવવા ધર્મ કરતો નથી) અને બળવાન પૂણ્યનું, ચાર ગતિનું ભવ ભ્રમણ ફરવાનું કારણ બને છે. (બળવાન પૂણ્ય ઉપાર્જનમાં કષાય દબાય છે, કપાતા નથી અને ગુણો પ્રગટતા નથી.) અને પૂણ્ય બાંધવામાં જીવને ગમતા શુભકાર્ય અને અનુકુળતા પ્રમાણેના વ્રત, તપ કરી શકે છે. તેમાં કોઈપણ પ્રકારનું બંધન હોતું નથી અને કોઈપણ એક કાર્ય પકડીને ચાલવાનો હેતું હોતો નથી. સમયે સમયે અને દેશકાળ પ્રમાણે શરીરને અનુકુળતામાં રાખીને જીવ ધર્મ કરે છે. અને આવી રીતે કરેલા ધર્મથી (પૂણ્ય બાંધવાના કાર્યથી) જીવમાં સ્વચ્છંદતાનો દોષ પ્રગટ થાય છે. અને ધર્મનું માન મેળવવાની મોટી વૃતિ જાગે છે. અને આ બે દોષના કારણે જીવમાં સત્યની ઝુરણા જાગતી નથી અને પોતે મિથ્યા દ્રષ્ટિ હોવા છતાં પોતાની સમજણે સતત જીવ ધર્મ કરે છે.

જીવે અનંત ભવ ભ્રમણમાં બાલ્યાવસ્થામાં કુળ પરંપરામાં ધર્મ કરેલો હોય છે. યુવાવસ્થામાં કુળ પરંપરા અને લોકઅભિપ્રાયે ધર્મ કરતો હોય છે. અને વૃધ્ધાવસ્થામાં (લાચારીમાં) થઈ શકે એ રીતે ધર્મ કરે છે.

*** સત્સંગનું ફળ ***

**મનને મારવાનું નથી,**
**મનને મનાવવાનું છે, મનને નમાવવાનું છે,**
**એજ મનોનાશનું કારણ.**

જો જીવને પૂર્વના પૂણ્યના યોગે યુવાવસ્થામાં ધર્મ કરવાનું સુઝે છે ત્યારે ગુરૂ ગોતવા નીકળે છે. (આંતર દ્રષ્ટિ વગર) ત્યારે જ્યાં જ્યાં ગુરૂ પાસે જાય ત્યાં ત્યાં પોતાના સ્વભાવને અનુકુળ, પોતાના આચારને અનુરૂપ અને પોતાને ગમતા કાર્યશૈલીને અનુસાર ગુરૂ જો મળે તો જીવ ત્યાં આગળ ચારીત્ર્ય લેવા તૈયાર થાય છે. [મિથ્યા દ્રષ્ટિનો સ્વભાવ મિથ્યાત્વી, મિથ્યા દ્રષ્ટિનો વિચાર મિથ્યાત્વી, મિથ્યા દ્રષ્ટિના કાર્ય મિથ્યા (ખોટા)]. આવા પ્રકારની સમજણ ધારણ કરીને જીવ શ્રાવકપણાં કે ચારીત્ર્ય લેવા માટે વિચારે અને ગુરૂને ગોતે ત્યારે જગતના નિયમ પ્રમાણે **"જેવો શિષ્ય તેવા ગુરૂ"** તેને મળી જાય અને પોતાનો મનુષ્ય ભવ વેડફી નાખે અને ધર્મના માન લેવામાં અનંત ભવ ભ્રમણમાં ભટકી જાય. તેની સામે બાળજીવે ગુરૂ ગોતવામાં અનુકુળતાની અભિલાષા છોડીને આત્મકલ્યાણ માટે પ્રતિકુળતામાં રહેવાની તૈયારી રાખવી જોઈએ. અને ભવ ન બગાડવો હોય તો ગુરૂને પૂછવું જોઈએ કે મને અનંત ભવમાંથી અલ્પ ભવમાં લઈ જઈ શકો એમ છો? ભવ બગાડવો ન હોય તો જીવે આ સવાલ વિનયપૂર્વક અત્યંત નમ્રતાસહીત અને ભવ બંધનથી છૂટવાની ઝુરણા સાથે અને ગુરૂદેવના પૂર્ણ આદર સહીત પુછીને આત્મસમર્પણ કરવું જોઈએ.

જીવના અનંત ભવ ભ્રમણ થવાના કારણોમાં પોતાનો સંસાર ભાવ કારણભૂત નથી પણ પોતાના સ્વચ્છંદે ગોતેલા અસદ્ગુરૂ (કુગુરૂ)ના કારણે જીવનો અનંત ભવ ભ્રમણ થયેલ છે. અને અસદ્ગુરૂ મળવાના (સદ્ગુરૂ ન મળવાના મુખ્ય મુખ્ય કારણોની વિચારણા કરીએ.

## સદગુરૂ ન મળવાના (અસદ્ગુરૂ મળવાના) મુખ્ય કારણો

| | |
|---|---|
| ૧) **જીવ સંસારના સુખ અર્થે ધર્મ કરે છે.** | ૧) **જ્ઞાની શાશ્વતા સુખ અર્થે ધર્મ કરાવે છે.** |
| ૨) જીવ કષાય સહીત ધર્મ કરવાની વૃતિ રાખે છે. | ૨) જ્ઞાની કષાય રહીત ધર્મ કરવાની પ્રવૃતિ કરાવે છે. |
| ૩) જીવ દેહના પુરૂષાર્થને ધર્મ ગણે છે. | ૩) જ્ઞાની આત્માના પુરૂષાર્થથી ધર્મ કરાવે છે. |
| ૪) જીવ નામનું મહત્વ વધારવા ધર્મ કરે છે. | ૪) જ્ઞાની નામનું મમત્વ ગોપાવીને ધર્મ કરાવે છે. |
| ૫) જીવ સંપત્તિનું પ્રદર્શન કરવા ધર્મ કરે છે. | ૫) જ્ઞાની સંપત્તિનું મહત્વ ટાળવા ધર્મ કરાવે છે. |
| ૬) જીવ ભયથી પ્રેરાઈને ધર્મ કરે છે. | ૬) જ્ઞાની પાપ રહીત થવા ધર્મ કરાવે છે. |
| ૭) જીવ સંસારભાવ બળવાન રાખીને અથવા કુળધર્મના વ્રત, તપ અને ક્રિયાઓના આગ્રહથી જ્ઞાનીને ગોતે છે. | ૭) જ્ઞાની સંસારભાવ ટળાવીને અહિંસક સ્વભાવ કરાવે છે. |
| ૮) જીવને પુણ્યપ્રકૃતિની બળવાન લેશ્યા હોય છે. | ૮) જ્ઞાની પુણ્યપ્રકૃતિ પાતળી કરાવે છે. |
| ૯) જીવને શુભ અને અશુભમાં રહેવું ગમે છે. | ૯) જ્ઞાની શુભ, અશુભમાંથી આગળ શુધ્ધમાં લઈ જવાની સમજણ આપે છે. |
| ૧૦) જીવ ઉપદેશબોધનો આગ્રહી છે. | ૧૦) જ્ઞાની સિધ્ધાંતબોધ આપે છે. |
| ૧૧) જીવ ધર્મ પોતાની રીતે કરે છે અને સંસાર બીજાની સમજણે ચલાવે છે. (લગ્ન સંબધો અને વ્યાપાર) એના કારણે જીવ દુ:ખી થાય છે. | ૧૧) જ્ઞાની જીવને સંસાર તેની મરજીનો કરવાનો કહે છે અને ધર્મ જ્ઞાનીના કહેવા પ્રમાણે કરવાનું કહે છે. |
| ૧૨) જીવને સ્વધર્મમાં જ્ઞાની મળવા અત્યંત મુશ્કેલ છે. (અન્ય ધર્મના સ્વીકારતો નથી.) | ૧૨) જ્ઞાની સ્વધર્મમાં વારંવાર જન્મતા નથી. |
| ૧૩) જીવ સાધારણ અવસ્થા અને જ્ઞાનની અવસ્થામાં ભેદ જોતો નથી. | ૧૩) જ્ઞાનીને જે અવસ્થાએ જ્ઞાન થાય તે અવસ્થા બદલાવી શકતા નથી. |
| ૧૪) જીવ પોતાના સંપ્રદાયમાં પોતાની સમજણથી જ્ઞાનીને ગોતવાની કોશિષ કરે છે. | ૧૪) જ્ઞાની જ્ઞાન પ્રકાશ થયા પછી અલગ સંપ્રદાયનું સ્થાપન કરે છે. |
| ૧૫) જીવ જ્ઞાની પાસેથી માનનો આગ્રહ રાખે છે તેથી જ્ઞાનીપણું સમજાતું નથી. | ૧૫) જ્ઞાની આદર આપીને માન તોડાવવાની કોશિષ કરે છે. |
| ૧૬) જીવ જ્ઞાનીને ઉંમરની સાથે જોડે છે. | ૧૬) જ્ઞાનને ઉંમર સાથે કોઈ સંબધ નથી. |
| ૧૭) જીવ જ્ઞાનીના ગુણને દેવ-દેવીઓના સાધક અને જ્યોતિષોની સરખામણીમાં લે છે. | ૧૭) જ્ઞાનીને આરોગ્યપ્રદાનની લબ્ધિ અને વચનસિધ્ધિ સહજ હોય છે. |
| ૧૮) જીવ ધર્મમાં તિક્ષ્ણબુધ્ધિથી વર્તે છે. | ૧૮) જ્ઞાની ધર્મમાં નિર્મળબુધ્ધિથી વર્તાવે છે. |
| ૧૯) જીવ જ્ઞાનીને ઓળખવા માટે ધર્માચાર્યોનો અભિપ્રાય લે છે. | ૧૯) સર્વ ધર્માચાર્યો પાસે તે જ્ઞાન ન હોવાથી સાચો અભિપ્રાય આપી શકતા નથી. |
| ૨૦) જીવ મિથ્યાદષ્ટિથી (સત્યની ઝુરણા વગર) જ્ઞાનીને ઓળખવાની કોશિષ કરે છે. | ૨૦) ક્ષાયિક સમકિત (જ્ઞાનીનું જ્ઞાન) મિથ્યાદષ્ટિમાં આવતું નથી. |
| ૨૧) જીવ વ્યવહારીક સંબંધો આગળ રાખીને જ્ઞાનને જોવાની કોશિષ કરે છે. | ૨૧) જ્ઞાની સંબંધોનું વિસ્મરણ કરીને જ્ઞાનની સમજણ આપે છે. |
| ૨૨) જીવ ત્યાગમાં જ્ઞાનીને ગોતે છે. | ૨૨) જ્ઞાની વૈરાગ્યસભર હોય છે. |
| ૨૩) જીવ જગતને સારૂં દેખાડવા ધર્મ કરે છે. | ૨૩) જ્ઞાની આત્માને સારો કરવા ધર્મ કરાવે છે. |
| ૨૪) જ્યારે જીવ શાસ્ત્રના સારથી અને મોક્ષમાર્ગની સમજણથી ઘણો દૂર થઈ જાય છે ત્યારે જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ પડે છે. | ૨૪) જ્ઞાની શાસ્ત્રનો સાર આપે છે. અને મોક્ષમાર્ગની નજીક લાવવાની કોશિષ કરે છે. |
| ૨૫) જીવને પોતાની સ્વચ્છંદતાએ ધર્મ કરવો છે. | ૨૫) જ્ઞાની આશ્રિતપણાએ ધર્મ કરાવે છે. |
| ૨૬) જીવ કુળ પરંપરા અને લોકઅભિપ્રાયે ધર્મ કરવાનો આગ્રહ રાખે છે. | ૨૬) જ્ઞાની પરમાત્માના અભિપ્રાયે ધર્મ આપે છે. |
| ૨૭) જીવ દેહબુધ્ધિ રાખીને ધર્મ કરે છે. | ૨૭) જ્ઞાની આત્મબુધ્ધિ રખાવીને ધર્મ કરાવે છે. |

**"જીવ અનંત ભવભ્રમણથી જ્ઞાન અને જ્ઞાનીથી અપરિચિત છે."**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.